RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૧૫ તા.૨૭–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશરફ એ.અન્સારી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશરફ એ.અન્સારીની તા. ૯– ૧૧–૧૧ની અરજીથી મોજે ગામ ઉન , સીટી સર્વે નં.૭૯૩/૨/૨ સતગુરુ કો.ઓ.હા.સો.લી. રજીસ્ટર નં.ઘ/૧૪૦૮૨ તા.૮–૩–૯૧ બ્લોક નં.૭૩ પૈકીના નામે સરકારી દફતરે નોંધાયેલ યુનીટ–એ, નેશનલ પ્લાઝા ઉપર મુકવામાં આવેલ ત્રણ ટાવરો વિશેની તથાખ તેના બાંધકામો અને આકારણી બાબત. વિ.. મુદ્દા નં.૧ થી ૧૯ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૧૫/૨૦૧૧–૧૨

શ્રી અશરફ એ.અન્સારીની તા. ૯– ૧૧–૧૧ની અરજીથી મોજે ગામ ઉન , સીટી સર્વે નં.૭૯૩/૨/૨ સતગુરુ કો.ઓ.હા.સો.લી. રજીસ્ટર નં.ઘ/૧૪૦૮૨ તા.૮–૩–૯૧ બ્લોક નં.૭૩ પૈકીના નામે સરકારી દફતરે નોંધાયેલ યુનીટ–એ, નેશનલ પ્લાઝાની ઉપર મુકવામાં આવેલ ત્રણ મોબાઈલ કોમ્યુનિકેશન ટાવરો વિશેની તથા તેના બાંધકામો અને આકારણી બાબત. વિ.. મુદ્દા નં.૧ થી ૧૯ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા દફતરી માહિતી નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૧ તા.૯–૧–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૪૨૦ તા.૧–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/૧૧૭૧ તા.૧૯–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૯–૧૧–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૨–૧૨–૧૧ ના રોજ આરટીઆઈ એકટ હેઠળ સમય મર્યાદામાં માહિતી પૂરી પાડેલ ન હોવાનું જણાવતી હસ્ત લેખિતમાં ડે.કમિ. અને એપેલેટ અધિકારીને સંબોધતી અરજી સિવિક સેન્ટર સે.ઝોન ખાતે મધ્યસ્થ કચેરીએ કરવામાં આવેલ. તેની નકલ સહિત અરજદારે નિયત નમુના–જ માં તા.૨૭–૧૨–૧૧ ના રોજ નિયત સમય અવધિમાં માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી સેન્ટ્રલઝોનના નાગરીક સુવિધા કેન્દ્ર ખાતે કરવામાં આવેલ. દરમ્યાન જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આરટીઆઈ/૧૧૭૧ તા. ૧૯–૧૨–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને મુદ્દાનં.૧ થી ૧૯ ની માહિતી આપવામાં આવેલ.

(૧) મોજે ગામ ઉન , સીટી સર્વે નં.૭૯૩/૨/૨ સતગુરુ કો.ઓ.હા.સો.લી. રજીસ્ટર નં.ઘ/૧૪૦૮૨ તા.૮–૯–૯૧ બ્લોક નં.૭૩ પૈકીના નામે સરકારી દફતરે નોંધાયેલ યુનીટ–એ, નેશનલ પ્લાઝા ત્રણ ટાવર સાઉથઝોન ઉધના મનપા સુરતના દફતરે કઈ સાલમાં, કઈ તારીખે કયા કયા પુરાવાઓના આધારે કોના નામે દાખલ થયેલ છે ? તમામ દસ્તાવેજી પુરાવાઓ સહિત સર્ટીફાઈડ નકલ સાથે માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧–૪–૦૬ થી સ ેન્ટ્રલઝોનના આકારણી દફતરે મોબાઈલ ટાવર દાખલ કરવામાં આવે છે. સદગુરુ કો.ઓ.હા.સોસા. લી. ના પ્રમુખ અને મં ત્રીએ ઈન્વર્ડ નં.૫૧૮૮ તા.૧૦–૮–૧૧ થી અરજી કરી સોસા.ના હોદ્દાદારોની વ્યકિતગત વિગત અપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ હોય, નામ દાખલ અંગેના પુરાવાની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે.

(૨) સદર મિલ્કત પર મોબાઈલ ટાવર જે જગ્યા, ઈલાખા ઉપર મુકવામાં આવેલ છે તે જગ્યા મનપા સુરત સાઉથઝોન ઉધનાના દફતરે કોમર્શીયલ છે ? કે રેસીડેન્સીયલ? તરીકે દાખલ થયેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોબાઈલ ટાવરવાળી જગ્યા સાઉથઝોન (ઉધના) ના દફતરે કોમર્શીયલ/ રેસીડેન્સીયલ તરીકે દાખલ થયેલ છે. તેવું જણાવેલ છે.

(૩) આ જગ્યા/ઈલાખો સાઉથઝોન ઉધના મનપાસુ. ના દફતરે કોના નામે અને કયા કયા પુરાવાઓના આધારે કઈ સાલમાં, કઈ તારીખે કોના નામે દાખલ થયેલ છે તમામ રજૂ કરેલ પુરાવાઓની સર્ટીફાઈડ નકલો સહિત માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ જગ્યા સાઉથઝોન (ઉધના) ના દફતરે સદગુરુ કો.ઓ.હા.સો.લી.ના નામે દાખલ છે. સોસાયટીના પ્રમુખ તથા મંત્રીએ ઈનવર્ડ નં.૫૧૮૮ તા.૧૦–૮–૧૧ થી અરજી કરી સોસા. ના હોદ્દેદારોની વ્યકિતગત વિગત આપવા અંગે વાંધો ઉઠાવીમાહિતી ન આપવા જણાવેલ હોય, નામ દાખલ અંગેના પુરાવાની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે.

(૪) આ હર એક ટાવરનો કેટલો કેટલો (કેટલા રૂપિયા) વેરો મનપા તરફથી વસુલવામાં આવે છે તેમ જ આ વેરો ભરનાર વ્યકિતના નામ સહિત જયારથી વેરો વસુલવામાં આવે છે ત્યારથી વર્ષ ૨૦૧૧ સુધીના તમામ વેરાબીલની નકલો આપવી. (કોમ્પ્યુટરમાં વેરા વિશની માહિતી ફીટ હોય તે પ્રિન્ટ આઉટ કરી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ સાથે સામેલ પાર્ટી સ્ટેટસ મુજબ વેરો વસુલ લેવામાં આવે છે. ટેના નં.૬૭ઈ–૦૯–૨૨૦૧–૦–૦૦૧ નં. ૬૭ઈ–૦૯–૨૨૧૧–૦–૦૦૧, નં.૬૭ઈ–૦૯–૨૨૧૫––૦–૦૦૧ ના પાર્ટી સ્ટેટસ નંગ–૧૬ સામેલ છે.

(૫) ઉપરોકત મોબાઈલ કોમ્યુનિકેશન ટાવર મુકવા માટે મનપાસુ. પાસેથી કઈ સાલમાં કયા કયા પુરાવાઓના આધારે પરમીશન લેવામાં આવી મનપાના દફતરે રજૂ કરવામાં આવેલ તમામ પુરાવાઓની નકલ આપવી.

(૬) પરમીશન મેળવનાર વ્યકિતનું નામ શુ છે તેમજ મનપા તરફથી કોના સામે કયા કયા પુરાવાઓના આધારે પરમીશન આપવામાં આવી.

(૭) પરમીશન આપનાર અધિકારીનું નામ શું છે?

(૮) આ ટાવરો મુકવા માટે પરમીશન મેળવનાર વ્યકિતએ સ.કોઓ.હા.સો.લી. ની કઈ જગ્યા ઉપર ટાવર મુકવા માટે પરમીશન મેળવવામાં આવી છે. મનપાના દફતરી ઉતારા મુજબ કઈ જગ્યા ઉપર ટાવર મુકવા માટે પરમીશન અપાઈ છે તેમજ દફતરી ઉતારા મુજબ તે નિયત જગ્યાએ/ઈલાખા ઉપર ટાવર મુકવામાં આવેલ છે કે નહી તે મુજબની માહિતી આપવી.

(૯) ઉપરોકત ત્રણ મોબાઈલ ટાવર કઈ કઈ કંપનીના છે તેમજ જે તે મોબાઈલ કંપની સાથે માલિક તરફથી થયેલ સમજુતી કરારની સર્ટીફાઈડ નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના નં.૬૭ઈ–૦૯ –૨૨૦૧–૦–૦૦૧ નં. ૬૭ઈ–૦૯–૨૨૧૧–૦–૦૦૧, નં.૬૭ઈ–૦૯–૨૨૧૫––૦–૦૦૧ ના અસલ પત્રક નંગ–૩ સામેલ છે. સદગુરુ હો.ઓ.હા.સો.લી. ના પ્રમુખ તથા મંત્રીએ ઈન્વર્ડ ૫૧૮૮ તા.૧૦–૮–૧૧ થી અરજી કરી સોસા.ના હોદ્દેદારોની વ્યકિતગત વિગત આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ હોય જે તે મોબાઈલ કંપની સાથે માલિક તરફથી થયેલ સમજુતી કરારની નકલ આપી શકાય તેમ નથી.

(૧૦) મોબાઈલ ટાવરને લગતા ટેલીકોમ ડીપાર્ટમેન્ટ તરફથી નકકી કરેલ નિયમોને ધ્યાનમાં રાખી તે નકકી કરેલા નિયમોનુસાર આ ટાવરો ફીટ કરેલ છે કે નહીં તે વિશેની માહિતી આપવી.

(૧૧) આ ટાવરો જે જગ્યાએ ફીટ કરવામાં આવેલ છે તે જગ્યા/ઈલાખાની આસપાસ વસવાટ કરનાર રહીશોના સ્વાથ્ય ઉપર આ ટાવરના વેવ્સ(અલ્ટ્રાવાયોલેટ કિરણોની અસર) ની થતી અસરો અને તેનાથી આસપાસ વસવાટ કરતા રહીશો ઉપર થતી આડ અસરો વિશે મનપા સુરતના હેલ્થ વિભાગના કોઈ અધિકારી તરફથી દફતરે કોઈ ટીપ્પણી કરવામાં આવેલ છે કે નહી તે વિશેની માહિતી આપવી.

(૧૨) સરકારશ્રી તરફથી નકકી કરેલા નિયમો મુજબ મનપા સુરતના હેલ્થ વિભાગ ધ્વારા કયા કયા નિયમોને ધ્યાનમાં રાખી પરમીશન આપવામાં આવેલ છે તેમજ ટાવર મુકનાર તરફથી આ નિયમોનું બરાબર પાલન કરેલ છે તે વિશે મનપાના દફતરે કોઈ અધિકારીએ ટીપ્પણી કરેલ છે કે નહીં

(૧૩) રહેણાંક વિસ્તારને ધ્યાનમાં રાખી સરકારશ્રી તરફથી નકકી કરેલા નિયમો મુજબ પબ્લીકની હેલ્થને ધ્યાનમાં રાખી પરમીશન આપવામાં આવે છે તે સેફટી નિયમો વિશેની સહ વિસ્તાર વર્ણન સહિતની માહિતી આપવી.

(૧૪) સરકારશ્રી તરફથી નકકી કરવામાં આવેલ જે તે સેફટી નિયમોનું તકેદારી પૂર્વક પાલન થયેલ છે તેમજ આ ટાવરોથી આસપાસના રહેણાંક વાળા વિસ્તારમાં વસવાટ કરનાર પબ્લીક ઉપર ટાવરના વેવ્સની કોઈ આડ અસર ન થાય તે મુજબ આ ટાવરો ફીટ કરેલા છે. તે વિશે મનપાના દફતરે મનપાના કોઈ જવાબદાર અધિકારીએ સ્થળ મુલાકાત લઈ આ સેફટી નિયમોનું બરાબર પાલન કરેલ છે તે સર્વે કરી કોઈ ટીપ્પણી કરેલ હોય તો તેની સર્ટીફાઈડ નકલ આપવી.

(૧૫) (એ) મોબાઈલ ટાવરો રહેણાંક વિસ્તારથી કેટલો અંતરે દુર રહેવા જોઈએ?
(બી) પબ્લીકના સ્વાથ્ય ઉપર આ ટાવરોના વેવ્સની શું અસર થાય છે હેલ્થ માટે હાનીકારક છે કે નહી?
(સી) પબ્લીકના સ્વાસ્થ ઉપર આ ટાવરોના વેવ્સની શું આડ અસર થાય છે તેમજ કેટલી હદે તે વેર્વ્સ નુકશાન કારક છે?
(ડી) આ વેર્વ્સથી શું શું બીમારી લાગુ પડી શકે છે?
(ઈ) નાના બાળકો , ગર્ભવતી મહિલાઓ , હાર્ટ પેસન્ટ તેમજ અન્ય કઈ કઈ બીમારીઓના મરીજો ઉપર આ વેર્વ્સથી શું શું આડ અસરો થઈ શકે છે?

(૧૬) મુદ્દા નં.૧૫ એબીસીડીઈ ને ધ્યાનમાં રાખી મનપા સુરતના હેલ્થ વિભાગે સ.કો.ઓ.હા.સો.લી. માં મુકવામાં આવેલ મોબાઈલ ટાવરોની પરમીશન આપતા પહેલા અને ટાવર ફીટ કર્યા પછી આ વિસ્તારનું સર્વે કરી શું શું પબ્લીકની સેફટીને ધ્યાનમાં રાખી આ ટાવરો મુકવાથી આસપાસના રહેણાંક વિસ્તારમાં વસવાટ કરના રહીશો ઉપર આ ટાવરના વેર્વ્સના આડ અસરો થશે કે નહીં તે વિશે જે કઈ ટીપ્પણી કરેલ હોય તેની માહિતી આપવી. ( તેમજ કઈ ટીપ્પણી ન કરેલ હોય તે નહીં કરવા પાછળ શું કારણ? (તે વિશેની માહિતી આપવી.)

(૧૭) ઉપરોકત ટાવર ફીટ કર્યા બાદ મનપાસુ. ના અધિકારીઓ ધ્વારા સર્વે કરી પબ્લીકના સ્વાસ્થ સબંધિત તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખી સેફટી નિયમોનું તકેદારી પૂર્વક પાલન થયેલ છે તે વિશે તમારા અધિકારીઓએ મનપાસુ.ના દફતરે સહ વિસ્તાર વર્ણન કરેલ હોય તેની સર્ટીફાઈડ નકલ આપવી.

(૧૮) સ.કો.ઓ.હા.સો.લી. ના કન્સલ્ટીન ઈન્જીનિયર/આર્કિટેટ પ્રશાંતેશઠ તરફથી સુડા સુરતમાં મુકવામાં આવેલ રીવાઈઝડ પ્લાન એ ટાઈપ (૧+૧) ડ્રોઈંગ નં–૫ સુડા હુકમ નં.સુડા/વિપઅ/૫૪/૫૩૯૧/૪૭૬૦૧૩/૦૬/૨૦૦૩ મુજબ સુડા તરફથી જે પ્લાન મંજુર થયેલ છે તેમાં આ ટાવરો વિશે કોઈ ઉલ્લેખ નથી. જેથી વિદિત થાય છે કે આર્કી. શ્રી પ્રશાંત શેઠ તરફથી બનાવવામાં આવેલ સ્ટ્રકચર (ડ્રોઈંગ મુજબ) આ ટાવરોનું વજન વહન કરી શકે તેવું નથી તો પછી આ સોસા. ના એ યુનીટ ઉપર ફીટ કરવામાં આવેલ ટાવરની પરમીશન આપતી વખતે સેફટી નિયમોનું પાલન થયેલ છે કે નહી તે તથ્ય શંકાસ્પદ જણાય આવે છે તેમજ કયા આધારે પરમીશન આપી તે પણ શંકાસ્પદ છે. તેથી હું માહિતી મેળવવા માંગુ છું કે મનપા સુરત તરફથી કયા તથ્યને ધ્યાનમાં રાખી ટાવર બેસાડવા માટે પરમીશન આપવામાં આવી?

(૧૯) ખાસ કરીને મનપાસુ. તરફથી માહિતી પૂરી નહીં પાડવાના આશયથી જવાબ આપવામાં આવે છે કે દફતરે રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તો આવી માહિતી આપવાની સાથે મહેરબાન સાહેબશ્રી આ વખતે પણ મારા તરફથી જે ઉપરોકત માહિતી મેળવવા અરજી કરેલ છે તેના અનુસંધાનમાં પણ આ રીતે માહિતી પૂરી પાડવામાં આવનાર હોય તો

(એ) જે માહિતી ઉપલબ્ધ નથી તે કયારે? અને કેવી રીતે ગુમ થઈ?
(બી) તે માહિતી સા.ઝોન ઉધનાના કયા અધિકારીના તાબામાં હતી?
(સી) તે માહિતી ગુમ થઈ ત્યારે ઉપલા અધિકારીને રીપોર્ટ કરાયો હતો કે નહી?
(ડી) ઉપરી અધિકારી તરફથી શું કાર્યવાહી કરવામાં આવી?
(ઈ) જે તે રેકર્ડ સાચવવાનો સમયગાળા અંગેના નિયમો શું છે? તેમજ તે રેકર્ડ આપની કચેરી પાસે ઉપલબ્ધ નથી તે કઈ કચેરી પાસે ઉપલબ્ધ હશે તે મુજબ ઉપરોકત માહિતી આપશો.

જાહેર માહિતી અધિકારીએ મુદા નં.૫ થી ૮ તથા મુદ્દા નં.૧૦ થી ૧૯ માં ઉધનાઝોનના આકારણી ખાતાને લગતા નથી. તેવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીનું કાર્યક્ષેત્ર સમગ્ર ઉધનાઝોનને સ્પર્શે છે આથી અરજદારને સદર મુદ્દા અંગે અન્ય સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી હોય તેને દિન–૫ માં તબદીલ કરવાની રહે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તબદીલ પણ કરેલ નથી તેમજ તે મુદ્દાઓ અંગે કોઈ માહિતી પણ પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગેઆરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારે તેમની તા.૧૨–૧૨–૧૧ ના પત્રમાં અપીલ કર્યાની રજૂઆત કરેલ છે. જે અંગે કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેથી કર્મચારી/અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. જયારે અરજદારે તા.૨૭–૧૨–૧૧ ના

રોજ કરેલ અપીલ અરજી નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય નહીં મળ્યા બાબતેની છે જયારે અરજદારે તેમની તા.૧૨–૧૨–૧૧ ના પત્રમાં કરેલ અપીલ મધ્યસ્થ સીવીક સેન્ટર સેન્ટ્રલઝોન, કચેરી ખાતે અપાયેલ છે જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ કાયદાની કલમ–૧૧(૨) હેઠળ સોસા. ના પ્રમુખ અને મંત્રીની તા.૧૦–૮–૧૧ ની અરજીથી સોસા.ના હોદ્દેદારોની વ્યકિતગત વિગત આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. આથી નામ દાખલ કર્યા અંગેના પુરાવા આપી શકાય નહીં તેવા જાહેર માહિતી અધિકારીનો નિર્ણય કાયદા સાથે સુસંગત નથી. કારણકે જાહેર માહિતી અધિકારીએ અરજદારને તેમની તા.૯–૧૧–૧૧ ની અરજી સામે સોસા.ના પ્રમુખમંત્રીની તા.૧૦–૮–૧૧ ની અરજીના સંદર્ભે પશ્ચાતવર્તી અસરથી અરજી બાબતે નિર્ણય ઉપર આવવું તે કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી. આ કાયદા હેઠળ કલમ–૬(૧) અન્વયે પ્રત્યેક અરજી સ્વતંત્ર છે તેથી પ્રત્યેક અરજીમાં સ્વતંત્ર કાર્યવાહી કરવી રહે. તેમજ આરટીઆઈ કાયદાની કલમ–૧૧ હેઠળ આવેલી અરજીના સંદર્ભે ત્રાહિત વ્યકિતને લગતી માહિતી હોય તો તેવી કાર્યવાહી અરજદારની અરજીની તારીખ પછીની મુદતમાં થયેલી હોવી જરૂરી છે. સદર કિસ્સામાં તેવો કોઈ નિર્ણય થયેલ નથી. વધુમાં અરજદાર સદર હુ સોસા.ના સભાસદ હોવાનું પણ જણાવેલ છે અને પ્રમુખ તથા મંત્રીએ હોદ્દેદારોને વ્યકિતગત વિગત આપવા સામે નો વાંધો પણ કાયદા સાથે સુસંગત નથી. આમ જોવામાં આવે તો સોસાયટીના સભાસદ, પ્રમુખ–હોદ્દેદારના સંબંધ વિશ્વસનીય હોઈ પારસ્પરિક માહિતી પ્રાપ્ય હોવાનું અનુમાનિત છે. તેમ છતાં કલમ–૧૧ ની જોગવાઈ ધ્યાને લેતાં અરજદારની સભાસદ હોવાની રજૂઆત અને અરજીમાં ઉપસ્થિત કરેલ જાહેર સુરક્ષા સ્વાસ્થ અને સલામતિના મુદ્દા જોતાં તેમાં જાહેર હિતનું પ્રભુત્વ સ્પષ્ટ થાય છે અને તે જોતાં મુદ્દા નં.૧,૩ તથા ૯ માં જાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ–૧૧(૨) ની પ્રક્રિયા અનુસર્યા વિના કરેલ માહિતી દસ્તાવેજી પુરાવા જે સોસાયટીના પ્રમુખ–હોદ્દેદાર સોસાયટીના નામે છે તે આપવાનો ઈન્કાર કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી. સોસાયટીના પ્રમુખ–હોદ્દેદારોની તેવી માહિતી ખાનગી વ્યકિતગત ન હોવાથી રજૂઆત કાયદાની ભાવના અને જોગવાઈને સુસંગત નથી. જયારે સોસાયટીની સંયુકત મિલ્કત માટેની બાબત હોય તે સંજોગોમાં તેવી માહિતી અજદારને પૂરી પાડવાની રહે. અરજદારને અપીલ તબકકે પણ તેમની તા.૧૨–૧૨–૧૧ ની અરજી અને તા.૨૭–૧૨–૧૧ ની અપીલ અરજી અરજદારે મુળ અરજીની વિગત જણાવેલ ન હોઈ બંને અપીલ અરજી એક જ વિષય વસ્તુની છે કે અલગ તે સ્પષ્ટ કરવા અને નારાજગીના આધાર રજૂ કરવા પત્ર પાઠવી તક આપવા છતાં તે અંગે અરજદારે કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નથી.'

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૯–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧,૩ તથા ૯ ના દસ્તાવેજી પુરાવા તથા નં.૫ થી ૮ તથા મુદ્દા નં.૧૦ થી ૧૯ અંગે નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારીએ ઈન્કાર કરેલ માહિતી કલમ–૧૧હેઠળ લીધેલ નિર્ણય કાયદા સાથે સુંગત ન હોઈ ગ્ર ાહય રાખવામાં આવતી નથી.

સોસાયટીના પ્રમુખ– હોદ્દેદારો અને કહેવાતા ત્રાહિત વિધિસર રીતે અપીલમાં કે અરજીમાં પક્ષકાર બનતા નથી. તેમ છતાં આ હુકમ વિરૂધ્ધ કોઈ નારાજગી હોય તો આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) હેઠળ દિન–૯૦ ની અવધિમાં રાજય માહિતી આયોગ, પ્રથમ માળ, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને હોઈ અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અશરફ એ.અન્સારી